# GSSSB CBRT Adv 378 CCE 2026

| | |
|---|---|
| Test Date | 29/09/2026 |
| Test Time | 9:00 AM - 11:00 AM |
| Subject | 378 Combined Competitive Examination |

Section : **English**

**Q.1** **Select the most appropriate meaning of the given proverb.**

**The squeaky wheel gets the grease.**

**Ans**
- ✗ 1. Machines require regular maintenance.
- ✗ 2. Complaints always create problems.
- ✓ 3. Those who speak up are more likely to receive attention.
- ✗ 4. Teamwork always guarantees success in every family.

**Q.2** **Complete the following sentence by choosing the correct option.**

**I saw a movie last night. ___ movie was fantastic.**

**Ans**
- ✓ 1. The
- ✗ 2. A
- ✗ 3. An
- ✗ 4. no article

**Q.3** **Select the option that best replaces the underlined part to make the sentence grammatically correct.**
**The manager was angry <u>on</u> the staff for the delay.**

**Ans**
- ✗ 1. of
- ✗ 2. by
- ✓ 3. with
- ✗ 4. to

**Q.4** **In the given question, a statement divided into different segments is given. Rearrange all the segments to form a coherent statement and choose the correct order of the segments from the options provided.**
**(O) the intricate patterns of migration/(P) how environmental changes influence/ (Q) scientists are constantly studying/ (R) of various bird species/ (S) and their breeding habits**

**Ans**
- ✗ 1. PQROS
- ✓ 2. QPORS
- ✗ 3. QORPS
- ✗ 4. ROQPS

**Q.5** **Select the option that correctly converts the given sentence into the passive voice.**
**The cyclone affected the entire coastal areas of Bengal.**

**Ans**
- ✗ 1. The entire coastal areas of Bengal are affected by the cyclone.
- ✗ 2. The cyclone was affected by the entire coastal areas of Bengal.
- ✓ 3. The entire coastal areas of Bengal were affected by the cyclone.
- ✗ 4. The entire coastal areas of Bengal is affected by the cyclone.

**Q.6** **Write the given sentence in the past perfect continuous tense:**
**They work on the project for several hours.**

**Ans**
- ✗ 1. They have been working on the project for several hours.
- ✓ 2. They had been working on the project for several hours.
- ✗ 3. They were working on the project for several hours.
- ✗ 4. They had worked on the project for several hours.

**Q.7** **Select the most appropriate option to complete the given sentence.**

**They signed a _______ for 528,000 square feet of office space at the Capital square.**

**Ans**
- ✗ 1. least
- ✗ 2. lees
- ✓ 3. lease
- ✗ 4. leese

**Q.8** **Transform the compound sentence into a simple sentence.**
**He was tired, but he completed the project.**

**Ans**
- ✗ 1. He was tired and he completed the project.
- ✓ 2. Despite being tired, he completed the project.
- ✗ 3. He was tired yet he completed the project.
- ✗ 4. He was tired but he completed the project.

**Q.9** **In the following question, a statement has been given with highlighted text. You are required to replace the text with the correct one-word from the given options.**

***At the art gallery's private dinner, he impressed the hosts with his refined palate and sophisticated comments on the wine's aroma and the texture of the truffles, revealing himself as one who knows a lot about good food and wine.***

**Ans**
- ✗ 1. Aesthete
- ✗ 2. Maestro
- ✓ 3. Connoisseur
- ✗ 4. Conservator

**Q.10** **What is the meaning for the highlighted word:**

**The students were apprehensive before the final exam.**

**Ans**
- ✗ 1. joyful
- ✓ 2. nervous
- ✗ 3. bored
- ✗ 4. confident

**Q.11** **Choose the correct indirect speech form of the given sentence.**
**The officer said, "May I see your identification documents before allowing you entry into the premises?"**

**Ans**
- ✓ 1. The officer asked if he might see my identification documents before allowing me entry into the premises.
- ✗ 2. The officer asked if he could see their identification documents before allowing them entry into the premises.
- ✗ 3. The officer asked whether he may see their identification documents before allowing them entry into the premises.
- ✗ 4. The officer said that may he see their identification documents before allowing them entry into the premises.

**Q.12** **"The king sat near the queen." નો સાચો ગુજરાતી અનુવાદ કયો છે?**

**Ans**
- ✗ 1. રાજા રાણીની નજીક ઊભો રહ્યો.
- ✓ 2. રાજા રાણીની નજીક બેઠો.
- ✗ 3. રાણી રાજાની નજીક બેઠી.
- ✗ 4. રાજા રાણીથી દૂર બેઠો.

**Q.13** **Choose the correct Simple Future Tense of the given sentence.**
**Ankita went to meet her grandmother on Monday.**

**Ans**
✔ 1. Ankita will go to meet her grandmother on Monday.
✘ 2. Ankita will be going to meet her grandmother on Monday.
✘ 3. Ankita will be gone to meet her grandmother on Monday.
✘ 4. Ankita will have gone to meet her grandmother on Monday.

**Q.14** **Choose the one word that best describes the following.**
**A person who excels in multiple fields of study or arts.**

**Ans**
✘ 1. Genius
✘ 2. Savant
✔ 3. Polymath
✘ 4. Scholar

**Q.15** **Select the most suitable option to fill in the blank in the given sentence.**
**Perry Mason, the fictional Defense lawyer, presented a compelling _________ to defend his client in court.**

**Ans**
✔ 1. argument
✘ 2. verdict
✘ 3. symphony
✘ 4. decree

Section : **Gujarati**

**Q.16** **'દયા' શબ્દ માટે કયા ધ્વનિઘટકો સાચા છે?**

**Ans**
✘ 1. દ્ + આ + ય્ + અ
✔ 2. દ્ + અ + ય્ + આ
✘ 3. દ્ + ઓ + ય્ + આ
✘ 4. દ્ + અ + ય્ + અ

**Q.17** **'વાત ઉડાડવી' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય?**

**Ans**
✔ 1. વાત ફેલાવવી.
✘ 2. વાત ગુપ્ત રાખવી.
✘ 3. વાત ભૂલી જવી.
✘ 4. સાચી વાત સ્વીકારવી.

**Q.18** **ને હું મ્હેલ વિષે વસું સુખ થકી, એ યોગ્ય ભાસે નહિ : આપેલ પંક્તિનો છંદ ઓળખાવો.**

**Ans**
✘ 1. વસંતતિલકા
✔ 2. શાર્દૂલવિક્રીડિત
✘ 3. સ્રગ્ધરા
✘ 4. મંદાક્રાન્તા

**Q.19** **"કનક કનક તે સૌ ગણી, મોહે સબ સંસાર" – અહીં કયો અલંકાર છે?**

**Ans**
✘ 1. ઉત્પ્રેક્ષા
✔ 2. યમક
✘ 3. ઉપમા
✘ 4. વ્યતિરેક

**Q.20** **'લોકશાહી' શબ્દનો સમાસ ઓળખાવો.**

**Ans**
- ✗ 1. તત્પુરુષ
- ✓ 2. મધ્યમપદલોપી
- ✗ 3. કર્મધારય
- ✗ 4. દ્વંદ્વ

**Q.21** **નીચેનામાંથી સાચો ક્રમ કયો છે ?**

**Ans**
- ✗ 1. કમળ, ચંપો, ગુલાબ, મોગરો
- ✗ 2. ચંપો, કમળ, ગુલાબ, મોગરો
- ✓ 3. કમળ, ગુલાબ, ચંપો, મોગરો
- ✗ 4. ગુલાબ, કમળ, ચંપો, મોગરો

**Q.22** **નીચે આપેલ વાક્યોમાંથી ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય ઓળખાવો.**

**Ans**
- ✗ 1. ગાયના ચોખ્ખા દૂધમાંથી બનાવેલી દહીં અહીં મળશે.
- ✗ 2. ગાયના ચોખ્ખા દૂધમાંથી બનાવેલો દહીં અહીં મળશે.
- ✓ 3. ગાયના ચોખ્ખા દૂધમાંથી બનાવેલું દહીં અહીં મળશે.
- ✗ 4. ગાયના ચોખ્ખું દૂધમાંથી બનાવેલું દહીં અહીં મળશે.

**Q.23** **સાચી જોડણીવાળું વાક્ય શોધો:**

**Ans**
- ✗ 1. પરિસ્થિતિ પ્રતિકુળ હોવા છતાં તેણે હિંમત હારી નહીં.
- ✓ 2. પરિસ્થિતિ પ્રતિકૂળ હોવા છતાં તેણે હિંમત હારી નહીં.
- ✗ 3. પરિક્ષિતિ પ્રતિકુળ હોવા છતાં તેણે હિમત હારી નહીં.
- ✗ 4. પરીસ્થિતી પ્રતિકૂળ હોવા છતાં તેણે હિંમત હારી નહીં.

**Q.24** **'અતિથિ' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.**

**Ans**
- ✗ 1. મિત્ર
- ✗ 2. સેવક
- ✓ 3. મહેમાન
- ✗ 4. યજમાન

**Q.25** **આ સાથે આપેલ ગુજરાતી વાક્યનો યોગ્ય અંગ્રેજી અનુવાદ ઓળખાવો : અમે કૉલેજ જઈએ છીએ.**

**Ans**
- ✗ 1. We going to college.
- ✓ 2. We go to college.
- ✗ 3. We goes to college.
- ✗ 4. Us go to college.

**Q.26** **'ભૂમિ' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.**

**Ans**
- ✗ 1. કમળ
- ✗ 2. પર્વત
- ✓ 3. ધરા
- ✗ 4. નદી

**Q.27** **આપેલ વિકલ્પોમાંથી 'અભિષેક' શબ્દનો સાચો સંધિ વિચ્છેદ શોધો.**

**Ans**
- ✗ 1. અ + ભિષેક
- ✗ 2. અભિ + શેક
- ✗ 3. અભિષે + ક
- ✓ 4. અભિ + સેક

**Q.28** **નીચેનામાંથી સર્વનામ સાથે વિભક્તિનો ઉપયોગ થયો હોય તેવું વાક્ય શોધો.**

Ans
- ✗ 1. લીલાં પાંદડાં પવનમાં હલી રહ્યાં છે.
- ✗ 2. પિતાજી કાલે સવારે મુંબઈથી આવશે.
- ✓ 3. બધામાંથી માત્ર એક જ છોકરો પાસ થયો.
- ✗ 4. મંદિરની અંદર આરતી શરૂ થઈ ગઈ છે.

**Q.29** **'ક, ખ, ગ, ઘ'નું ઉચ્ચારણ સ્થાન કયું છે?**

Ans
- ✓ 1. કંઠ (ગળું)
- ✗ 2. મૂર્ધા
- ✗ 3. તાલુ (તાળવું)
- ✗ 4. દંત (દાંત)

**Q.30** **"અવલોકન" શબ્દનો સાચો અંગ્રેજી શબ્દ કયો છે?**

Ans
- ✗ 1. Ignorance
- ✗ 2. Blindness
- ✗ 3. Neglect
- ✓ 4. Observation

Section : **General Awareness and Current Affairs**

**Q.31** **નીચેમાંથી કોને સામાન્ય રીતે ભારતીય લોકશાહી માટે પડકાર માનવામાં આવતો નથી?**

Ans
- ✗ 1. લોકોમાં અસમાનતા
- ✓ 2. ન્યાયતંત્રની સ્વતંત્રતા
- ✗ 3. ગરીબી
- ✗ 4. નિરક્ષરતા

**Q.32** **એક નૃત્ય પ્રદર્શનમાં લાક્ષણિક અરામંડી અંગસ્થિતિ (aramandi posture), ભૌમિતિક શારીરિક પેટર્ન (geometric body patterns) અને અભિવ્યક્ત કરનાર મુદ્રાઓ (expressive mudras) જોવા મળે છે. આ કઈ શાસ્ત્રીય નૃત્ય શૈલીનું પ્રતિનિધિત્વ કરે છે?**

Ans
- ✗ 1. મણિપુરનું મણિપુરી નૃત્ય
- ✓ 2. તમિલનાડુનું ભરતનાટ્યમ
- ✗ 3. ઉત્તર પ્રદેશનું કથક નૃત્ય
- ✗ 4. ઓડિશાનું ઓડિસી નૃત્ય

**Q.33** **ભારત પર્વ 2026માં પ્રદર્શિત, DRDO દ્વારા વિકસાવવામાં આવેલી કઈ ટેક્નોલોજી ફોસ્ફોરિક એસિડ ફ્યુઅલ સેલ્સનો ઉપયોગ કરીને પરંપરાગત સબમરિન્સની પાણીની અંદર ટકી રહેવાની ક્ષમતા (underwater endurance)માં વધારો કરે છે?**

Ans
- ✗ 1. ઇન્ટિગ્રેટેડ કૉમ્બેટ સ્યૂટ (ICS)
- ✗ 2. એડવાન્સ્ડ લાઇટવેઇટ ટોર્પિડો
- ✓ 3. એર ઇન્ડિપેન્ડન્ટ પ્રોપલ્સન (AIP)
- ✗ 4. વાયર ગાઇડેડ હેવી વેઇટ ટોર્પિડો (WGHWT)

**Q.34** **ઘરેલું વિદ્યુત પરિપથમાં કઈ પરિસ્થિતિમાં શોર્ટ-સર્કિટ થવાની સૌથી વધુ સંભાવના છે?**

Ans
- ✗ 1. સમાંતર શાખાઓમાં એકસાથે અનેક ઉપકરણો જોડવામાં આવે ત્યારે
- ✗ 2. પરિપથ સાથે જોડાયેલા વિદ્યુત ઉપકરણોનું યોગ્ય અર્થિંગ કરેલું હોય ત્યારે
- ✓ 3. જીવંત વાયર (Live wire) અને ન્યુટ્રલ વાયર (Neutral wire) એકબીજાના સીધા સંપર્કમાં આવે ત્યારે
- ✗ 4. ઓછો પાવર રેટિંગ ધરાવતા વિદ્યુત ઉપકરણનો ઉપયોગ કરવામાં આવે ત્યારે

Q.35 **ગતિ કરતી વસ્તુ પરથી લગાડેલું બળ હટાવી લેવામાં આવે ત્યારે ઘર્ષણ તેની ગતિ પર શું અસર કરે છે?**

Ans
✔ 1. તે ધીમે-ધીમે ઝડપને ઘટાડે છે.
✘ 2. તે ઝડપને વધારે છે.
✘ 3. તે દિશા બદલે છે.
✘ 4. તે ઝડપને અચળ રાખે છે.

Q.36 **જેમ જેમ હિંદુ મંદિરો વધુ વિસ્તૃત બનતા ગયા, તેમ તેમ સ્થપતિઓએ ગર્ભગૃહની મૂળ યોજનામાં ફેરફાર કર્યા વિના વધુ શિલ્પયુક્ત સપાટીઓનું નિર્માણ કેવી રીતે કર્યું?**

Ans
✔ 1. ગર્ભગૃહની આસપાસ લયબદ્ધ રીતે આગળ નીકળતી દિવાલો અને ગોખલાઓ ઉમેરીને
✘ 2. આંતરિક ગર્ભગૃહને વિસ્તૃત કરીને અને બાહ્ય સુશોભન ઘટાડીને
✘ 3. મંદિરની આસપાસના ગૌણ સંરચનાઓ હટાવીને
✘ 4. માત્ર મંદિરના શિખરની ઊંચાઈ વધારીને

Q.37 **સંસ્કૃત નાટકોમાં સ્ત્રીઓ અને નાના પાત્રોના સંવાદો માટે કઈ ભાષા બોલચાલના માધ્યમ તરીકે વપરાતી હતી?**

Ans
✘ 1. પાલી (Pali)
✔ 2. પ્રાકૃત (Prākṛt)
✘ 3. મૈતેઈ (Meitei)
✘ 4. અપભ્રંશ (Apabhraṁsa)

Q.38 **20 ફેબ્રુઆરીના રોજ વૈશ્વિક સ્તરે ઉજવવામાં આવતા વિશ્વ સામાજિક ન્યાય દિવસ (World Day of Social Justice) 2026ની મુખ્ય થીમ શું હતી?**

Ans
✘ 1. બિલ્ડિંગ રેઝિલિયન્સ: એન્સ્યોરિંગ જસ્ટિસ થ્રુ ઇન્ક્લુઝન (Building Resilience: Ensuring Justice Through Inclusion)
✘ 2. એડવાન્સિંગ ઇક્વાલિટી: ક્રિએટિંગ અપોર્ચ્યુનિટીઝ ફૉર ઓલ (Advancing Equality: Creating Opportunities for All)
✘ 3. સ્ટ્રેન્થનિંગ કોમ્યુનિટીઝ: પ્રમોટિંગ ઇક્વિટી એન્ડ રાઇટ્સ (Strengthening Communities: Promoting Equity and Rights)
✔ 4. એમ્પાવરિંગ ઇન્ક્લુઝન: બ્રિજિંગ ગેપ્સ ફૉર સોશિયલ જસ્ટિસ (Empowering Inclusion: Bridging Gaps for Social Justice)

Q.39 **નવી આર્થિક પોલિસી (NEP) દ્વારા શરૂ કરાયેલા આર્થિક સુધારાઓ ભારતમાં કયા વર્ષમાં શરૂ થયા હતા?**

Ans
✘ 1. 1985
✘ 2. 1995
✔ 3. 1991
✘ 4. 2000

Q.40 **પર્વતીય વિસ્તારોમાં ભૂસ્ખલનની અસર ઘટાડવા માટે નીચેનામાંથી કયું પગલું સૌથી વધુ યોગ્ય છે?**

Ans
✔ 1. અસ્થિર પર્વતીય ઢોળાવો પર બાંધકામ પર પ્રતિબંધ મૂકવો.
✘ 2. અસ્થિર પર્વતીય ઢોળાવો પર વસાહતો વધારવી.
✘ 3. જોખમી પર્વતીય ઢોળાવોમાંથી વનસ્પતિ દૂર કરવી.
✘ 4. અસ્થિર પર્વતીય ઢોળાવો પર રસ્તાઓનું વિસ્તરણ કરવું.

Q.41 **ઋગ્વેદકાલીન સમાજમાં નીચેનામાંથી સૌથી મોટો સામાજિક એકમ કયો હતો?**

Ans
✘ 1. ગ્રામ (Grama)
✘ 2. વિશ (Vis)
✘ 3. કુટુંબ (Family)
✔ 4. જન (Jana)

Q.42 **મહાવીરે કઈ ઉંમરે સાંસારિક જીવનનો ત્યાગ કર્યો હતો અને સંન્યાસી બન્યા હતા?**

Ans
✘ 1. 28 વર્ષ
✘ 2. 35 વર્ષ
✔ 3. 30 વર્ષ
✘ 4. 25 વર્ષ

**Q.43** **29 જૂન 2026ના રોજ શરૂ કરાયેલ SHE-LEAPS, જેને એક કોન્ફરન્સ દરમિયાન રજૂ કરવામાં આવ્યું હતું, તે ભારત સરકારના કયા વિઝનને સાકાર કરવા માટેની વ્યૂહરચનાઓ ઘડવા પર કેન્દ્રિત હતું?**

**Ans**
✗ 1. આત્મનિર્ભર ભારત

✗ 2.
ડિજિટલ ઇન્ડિયા

✗ 3.
સ્કિલ ઇન્ડિયા મિશન

✓ 4.
વિકસિત ગ્રામ – વિકસિત ભારત

**Q.44** **વાવેલા પાકો (cultivated crops)માં કુદરતી રીતે ઉગતા અનિચ્છનીય છોડ (unwanted plants)ને શું કહેવામાં આવે છે?**

**Ans**
✗ 1. બગીચાના છોડ (Garden plants)

✗ 2. રોપા છોડ (Sapling plants)

✓ 3. નીંદણ (Weed plants)

✗ 4. ઝાડવા કે ક્ષુપ (Shrub plants)

**Q.45** **કુદરતમાં કાર્બન ચક્ર વૈશ્વિક ઓક્સિજન ચક્ર સાથે કઈ રીતે સતત આંતર-સંબંધિત (જોડાયેલું) રહે છે?**

**Ans**
✗ 1. પ્રાણીઓ વાતાવરણીય ઓક્સિજન ઉત્પન્ન કરે છે જે વનસ્પતિઓ શ્વસન પ્રક્રિયા દરમિયાન શોષી લે છે.

✗ 2. પ્રકાશસંશ્લેષણની પ્રક્રિયા દરમિયાન વનસ્પતિ કાર્બન ડાયોક્સાઇડ ઉત્પન્ન કરવા માટે ઓક્સિજનનો વપરાશ કરે છે.

✗ 3. શ્વસન ક્રિયા વાતાવરણીય ઓક્સિજન મુક્ત કરે છે જ્યારે પ્રકાશસંશ્લેષણ પ્રાપ્ય ઓક્સિજનનો વપરાશ કરે છે.

✓ 4. શ્વસન ક્રિયા ઓક્સિજનનો ઉપયોગ કરે છે અને કાર્બન ડાયોક્સાઇડ મુક્ત કરે છે; પ્રકાશસંશ્લેષણ પાણીમાંથી ઓક્સિજન પાછો આપે છે.

**Q.46** **'ગુજરાત વિનિયોગ અધિનિયમ, 2026' (The Gujarat Appropriation Act, 2026) કયા નાણાકીય વર્ષ માટે ભંડોળ પૂરું પાડે છે?**

**Ans**
✗ 1. 2027-28

✓ 2. 2026–27

✗ 3. 2024-25

✗ 4. 2025–26

**Q.47** **1 એપ્રિલ 2000ના રોજથી ભારતમાં સ્પેશિયલ ઇકોનોમિક ઝોન્સ (SEZs)ની શરૂઆત કયા મુખ્ય ઉદ્દેશ્યના પગલે કરવામાં આવી હતી?**

**Ans**
✗ 1. ઔદ્યોગિક ઉત્પાદનો પર આયાત જકાતમાં વધારો કરવો.

✗ 2.
જાહેર ક્ષેત્રના એકમો દ્વારા સ્થાનિક વપરાશને ટેકો આપવો.

✗ 3.
ગ્રામીણ ખેડૂતો માટે કૃષિ સબસિડીઓને પ્રોત્સાહન આપવું.

✓ 4.
નિકાસ-લક્ષી ઉત્પાદન માટે વિદેશી મૂડીરોકાણ આકર્ષવું.

**Q.48** **ભારતના એટર્ની જનરલની નિમણૂક ભારતીય બંધારણના નીચેમાંથી કયા અનુચ્છેદ હેઠળ કરવામાં આવે છે?**

**Ans**
✗ 1. અનુચ્છેદ 64

✗ 2. અનુચ્છેદ 70

✓ 3. અનુચ્છેદ 76

✗ 4. અનુચ્છેદ 87

**Q.49** **સ્વામી દયાનંદ સરસ્વતીની કઈ કૃતિમાં વેદો અને ધાર્મિક સુધારણા સંબંધિત તેમના સિદ્ધાંતોની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે?**

**Ans**
✗ 1. પ્રબુદ્ધ ભારત

✓ 2. સત્યાર્થ પ્રકાશ

✗ 3. ઉદબોધન

✗ 4. કાંગડી ગુરુકુળ

**Q.50** **નીચેનામાંથી કયા આંતરરાષ્ટ્રીય વ્યાપારના મુખ્ય પ્રવેશદ્વારો છે?**

Ans
✔ 1. હાર્બર્સ અને બંદરો (Harbours and ports)
✗ 2. ધોરીમાર્ગો અને રસ્તાઓ
✗ 3. રેલવે અને સ્ટેશનો
✗ 4. હવાઈમથકો અને ટર્મિનલ્સ (Airports and terminals)

**Q.51** **અનુસંધાન નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન (ANRF) અંતર્ગત 2026 માં જાહેર કરવામાં આવેલ ડિજિટલ પોર્ટલ મુખ્યત્વે કોને મજબૂત કરવા માટે તૈયાર કરવામાં આવ્યું છે?**

Ans
✗ 1. સંરક્ષણ સાધનો માટે નિકાસ લાયસન્સિંગ
✗ 2. હવામાન સંબંધી આગાહીની તકનીકો
✗ 3. ક્વોન્ટમ કમ્યુનિકેશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર
✔ 4. પેટન્ટ ફાઇલિંગ અને રિસર્ચ રાઇટિંગ ક્ષમતાઓ

**Q.52** **'હાર્વર્ડ સાઉથ એશિયન પર્સન ઓફ ધ યર 2026' (Harvard South Asian Person of the Year 2026) માટે કોની પસંદગી કરવામાં આવી હતી?**

Ans
✗ 1. શેફાલી શાહ (Shefali Shah)
✔ 2.
સયાની ગુપ્તા (Sayani Gupta)
✗ 3.
કોંકણા સેન શર્મા (Konkona Sen Sharma)
✗ 4.
રીચા ચઢ્ઢા (Richa Chadha)

**Q.53** **કઈ ક્લબે ઇન્ટર કાશી (Inter Kashi) ને હરાવીને વર્ષ 2026 માં પોતાનું પ્રથમ ઇન્ડિયન સુપર લીગ (ISL) ટાઇટલ જીત્યું હતું?**

Ans
✗ 1. બેંગલુરુ FC
✗ 2.
મોહન બાગાન સુપર જાયન્ટ
✔ 3.
ઈસ્ટ બેંગાલ FC
✗ 4.
FC ગોવા

**Q.54** **નીચેનામાંથી કયું સરહદી માર્ગો (સરહદના રસ્તાઓ) ના વ્યૂહાત્મક મહત્ત્વને શ્રેષ્ઠ રીતે સમજાવે છે?**

Ans
✔ 1. તેઓ જોડાણ (કનેક્ટિવિટી) અને રાષ્ટ્રીય સંરક્ષણને મજબૂત કરે છે.
✗ 2. તેઓ રેલવે પરિવહન પરની નિર્ભરતા ઘટાડે છે.
✗ 3. તેઓ આંતરરાષ્ટ્રીય હવાઈ પરિવહન માર્ગોનું સ્થાન લે છે.
✗ 4. તેઓ વેપાર પર કસ્ટમ ડ્યુટી વધારે છે.

**Q.55** **26 જાન્યુઆરીએ ઉજવવામાં આવેલા આંતરરાષ્ટ્રીય સ્વચ્છ ઊર્જા દિવસ 2026ની થીમ શું હતી?**

Ans
✗ 1. વૈશ્વિક ઊર્જા સંક્રાંતિને વેગ આપવો (Accelerating the Global Energy Transition)
✗ 2. ટકાઉ ભવિષ્ય માટે પુનઃપ્રાપ્ય ઊર્જા (Renewable Energy for a Sustainable Future)
✗ 3. સમુદાયો અને આબોહવા માટે ટકાઉ શક્તિ (Sustainable Power for Communities and Climate)
✔ 4. લોકો અને ગ્રહ માટે સ્વચ્છ ઊર્જા (Clean Energy for People and Planet)

**Q.56** **જાન્યુઆરી 2026 માં યેમેન (Yemen) ના વડાપ્રધાન તરીકે કોની નિમણૂક કરવામાં આવી હતી?**

Ans
✗ 1. અબ્દુલ્લા સાલેહ મન્સૂર (Abdullah Saleh Mansour)
✔ 2.
શયા મોહસીન અલ-ઝિંદાની (Shaea Mohsen al-Zindani)
✗ 3.
નાસીર અહેમદ અલ-શબરી (Nasser Ahmed Al-Sabri)
✗ 4.
ફાતિમા ખાલિદ અલ-હમદી (Fatima Khaled Al-Hamdi)

**Q.57** જ્યારે ભારતનો કોઈ ઉત્પાદક પેઢીનું કદ બદલી શકતો નથી પરંતુ કેટલાક ઇનપુટ્સ (સાધનો) માં ફેરફાર કરીને ઉત્પાદનને સમાયોજિત કરી શકે છે, ત્યારે કયા સમયગાળાનો સંદર્ભ આપવામાં આવે છે?

**Ans**
- ✗ 1. મોનેટરી પિરિયડ (Monetary period)
- ✗ 2. લૉંગ ટર્મ (Long term)
- ✓ 3. શૉર્ટ ટર્મ (Short term)
- ✗ 4. ફિક્સ્ડ પિરિયડ (Fixed period)

**Q.58** 16 માર્ચ 2026 ના રોજ જાહેર થયેલા 'સાહિત્ય અકાદમી પુરસ્કાર 2025' અંતર્ગત ગુજરાતી ભાષા માટે યોગેશ વૈદ્યને તેમની કઈ સાહિત્યિક કૃતિ માટે સન્માનિત કરવામાં આવ્યા છે?

**Ans**
- ✗ 1. આંગળિયાત
- ✗ 2. સૌરાષ્ટ્રની રસધાર
- ✓ 3. ભટ્ટખડકી
- ✗ 4. માનવીની ભવાઈ

**Q.59** નીચેનામાંથી કયા નેતાને મહાત્મા ગાંધીના રાજકીય ગુરુ તરીકે ઓળખવામાં આવે છે?

**Ans**
- ✗ 1. સુરેન્દ્રનાથ બેનર્જી
- ✓ 2. ગોપાલ કૃષ્ણ ગોખલે
- ✗ 3. મહાદેવ ગોવિંદ રાનડે
- ✗ 4. દાદાભાઈ નવરોજી

**Q.60** ભારતમાં નીચેનામાંથી કયું સત્તામંડળ (authorities) પંચાયતોની ચૂંટણી યોજે છે?

**Ans**
- ✗ 1. રાજ્યના રાજ્યપાલ
- ✓ 2. રાજ્ય ચૂંટણી પંચ
- ✗ 3. ભારતીય ચૂંટણી પંચ
- ✗ 4. ભારતની સંસદ

## Section : **Quantitative Aptitude**

**Q.61** એક કોન્ટ્રાક્ટર 10 દિવસના કામ માટે 15 કામદારોને ₹45,000 ચૂકવે છે. જો તે 25 કામદારોને 14 દિવસ માટે સમાન દૈનિક વેતન દરે રોજગારી આપે છે, તો કુલ ચુકવણી કેટલી થશે?

**Ans**
- ✗ 1. ₹95,000
- ✗ 2. ₹1,15,000
- ✗ 3. ₹85,000
- ✓ 4. ₹1,05,000

**Q.62** BODMAS ના નિયમનો ઉપયોગ કરીને સાદુંરૂપ આપતાં, નીચેનામાંથી કઈ અભિવ્યક્તિનું મૂલ્ય 20 થાય છે?

**Ans**
- ✗ 1. $6 \times 4 + 2$
- ✗ 2. $(6 \times 4) \div 2$
- ✗ 3. $6 + (4 \times 2)$
- ✓ 4. $(6 + 4) \times 2$

**Q.63** જ્યારે સૂર્યના ઉત્સેધકોણનું માપ 45° હોય ત્યારે એક સ્તંભ 8 m નો પડછાયો કાસ્ટ કરે છે. તો સ્તંભની ઊંચાઈ કેટલી હશે?

**Ans**
- ✗ 1. 6 m
- ✓ 2. 8 m
- ✗ 3. 4 m
- ✗ 4. 12 m

**Q.64** એક ડિલિવરી ટ્રક 36 km/hની ઝડપે 72 km મુસાફરી કરે છે, 30 મિનિટ માટે રોકાય છે, અને પછી x km/hની ઝડપે 54 km કાપે છે. જો રોકવા સહિત સમગ્ર સફરની સરેરાશ ઝડપ 28 km/h હોય, તો x નું મૂલ્ય શોધો.

**Ans**
- ✗ 1. 30 km/h
- ✗ 2. 28 km/h
- ✗ 3. 32 km/h
- ✓ 4. 27 km/h

**Q.65** એક શંકુની પાયાની ત્રિજ્યા 4 cm છે અને તેની ઊંચાઈ 9 cm છે. તો શંકુનું ઘનફળ (volume) કેટલું થશે?

**Ans**
- ✗ 1. $36\pi$ $cm^3$
- ✗ 2. $72\pi$ $cm^3$
- ✗ 3. $96\pi$ $cm^3$
- ✓ 4. $48\pi$ $cm^3$

**Q.66** ₹2,000ની રકમ વાર્ષિક 5% વ્યાજના દરે 3 વર્ષ માટે રોકવામાં આવે છે. સાદા વ્યાજ કરતાં વાર્ષિક ચક્રવૃદ્ધિથી મળતા ચક્રવૃદ્ધિ વ્યાજ હેઠળ કેટલું વધારે વ્યાજ મળશે?

**Ans**
- ✓ 1. ₹15.25
- ✗ 2. ₹20.00
- ✗ 3. ₹10.00
- ✗ 4. ₹12.50

**Q.67** જો દ્વિઘાત સમીકરણો $x^2 + 4x + 3 = 0$ અને $x^2 + kx + 6 = 0$ માં બરાબર એક બીજ સમાન (common) હોય અને આ સમાન બીજ (common root) એ પ્રથમ સમીકરણનું નાનું બીજ (smaller beej) હોય, તો k નું મૂલ્ય શોધો.

**Ans**
- ✓ 1. 5
- ✗ 2. 3
- ✗ 3. 9
- ✗ 4. 7

**Q.68** એક ફિનટેક કંપની બે બોટનો ઉપયોગ કરીને નાણાકીય વ્યવહારોને ઓટોમેટ કરે છે. બોટ A એ કાર્યને 10 કલાકમાં પૂર્ણ કરી શકે છે, જ્યારે કે બોટ B એ કાર્યને 15 કલાકમાં પૂર્ણ કરી શકે છે. જો બંને એકસાથે શરૂ કરે, તો 4 કલાક પછી કાર્યનો કેટલો ભાગ પૂર્ણ થાય છે?

**Ans**
- ✗ 1. $\frac{3}{4}$
- ✗ 2. $\frac{5}{6}$
- ✓ 3. $\frac{2}{3}$
- ✗ 4. $\frac{1}{2}$

**Q.69** એક લંબચોરસના પરિમાણો 28 cm બાય 14 cm છે. તેના દરેક ખૂણા પર અંદરની તરફ 7 cm ત્રિજ્યાવાળા ચાર ચતુર્થાંશ વર્તુળ (વર્તુળનો ચોથો ભાગ) દોરવામાં આવ્યા છે. લંબચોરસની અંદર પરંતુ ચાર ચતુર્થાંશ વર્તુળોની બહાર આવેલા છાયાંકિત (shaded) ભાગનું ક્ષેત્રફળ કેટલું થશે? ($\pi$ = 22/7 લો)

**Ans**
- ✗ 1. 236 $cm^2$
- ✗ 2. 240 $cm^2$
- ✓ 3. 238 $cm^2$
- ✗ 4. 234 $cm^2$

Q.70 જો દ્વિઘાત સમીકરણ $x^2 + mx + 2 = 0$ નું એક બીજ $x = -1$ હોય, તો mનું મૂલ્ય કેટલું થશે?

Ans
✔ 1. m = 3
✘ 2. m = -5
✘ 3. m = -3
✘ 4. m = 5

Q.71 $(x+7)^2 - (x-7)^2$ નું મૂલ્ય શોધો.

Ans
✘ 1. $2(x^2 + 49)$
✘ 2. $(x^2 + 49)$
✔ 3. $28x$
✘ 4. $2(x^2 - 49)$

Q.72 એક ટાંકી ઇનલેટ પાઇપ દ્વારા 8 કલાકમાં ભરી શકાય છે અને આઉટલેટ પાઇપ દ્વારા 12 કલાકમાં ખાલી કરી શકાય છે. જો બંને પાઇપ એકસાથે ખોલવામાં આવે, તો ખાલી ટાંકી ભરવામાં કેટલો સમય લાગશે?

Ans
✘ 1. 4 કલાક
✘ 2. 20 કલાક
✘ 3. 10 કલાક
✔ 4. 24 કલાક

Q.73 એક પાઈપ પ્રતિ કલાક ટાંકીના છઠ્ઠા ભાગ (એક ષષ્ઠમાંશ)ના દરે ટાંકીને ભરે છે. આખી ટાંકી ભરવામાં કેટલો સમય લાગશે?

Ans
✘ 1. 3 કલાક
✘ 2. 9 કલાક
✘ 3. 2 કલાક
✔ 4. 6 કલાક

Q.74 એક રસોઈયો 24 કૂકીઝ બનાવવા માટે 150 g ખાંડનો ઉપયોગ કરે છે. તે જ રેસીપીનો ઉપયોગ કરીને 40 કૂકીઝ બનાવવા માટે કેટલી ખાંડની જરૂર પડશે?

Ans
✘ 1. 200 g
✘ 2. 300 g
✔ 3. 250 g
✘ 4. 220 g

Q.75 એક ચૂંટણીમાં, 6800 નોંધાયેલા મતદારોમાંથી 50% મતદારોએ મતદાન કર્યું. જો આ મતોમાંથી 17% મત અમાન્ય જાહેર થયા હોય અને બાકીના માન્ય મતો બે ઉમેદવારો વચ્ચે સરખે ભાગે વહેંચાયા હોય, તો દરેક ઉમેદવારને કેટલા માન્ય મત મળ્યા હશે?

Ans
✘ 1. 1415
✘ 2. 1417
✔ 3. 1411
✘ 4. 1413

Q.76 એક દુકાનદાર કોઈ વસ્તુની છાપેલી કિંમત ₹200 નક્કી કરે છે અને 10% નું ડિસ્કાઉન્ટ (વળતર) આપે છે. જો તે વસ્તુ ₹150 માં ખરીદવામાં આવી હોય, તો નફાની ટકાવારી કેટલી થાય?

Ans
✘ 1. 10%
✔ 2. 20%
✘ 3. 25%
✘ 4. 15%

**Q.77** કયા યામનું સેટ એવી રેખા બનાવશે જે પ્રથમ અને તૃતીય બંને ચરણમાંથી પસાર થાય?

**Ans**

✔ 1. (2, 3) અને (-4, -1)

✘ 2. (4, -2) અને (5, 3)

✘ 3. (-2, 4) અને (1, 5)

✘ 4. (-3, 2) અને (0, -5)

**Q.78** ₹6,000 ની રકમ વાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ પામતા વાર્ષિક 12% ના ચક્રવૃદ્ધિ વ્યાજ દરે રોકવામાં આવે છે. તો 2 વર્ષના અંતે મળતું ચક્રવૃદ્ધિ વ્યાજ શોધો.

**Ans**

✔ 1. ₹1,526.40

✘ 2. ₹1,440.50

✘ 3. ₹1,600

✘ 4. ₹1,680

**Q.79** એક બસ અચળ ઝડપે 180 km નું અંતર 4 કલાકમાં કાપે છે. તો તે બસની ઝડપ કેટલી હશે?

**Ans**

✘ 1. 40 km/hr

✘ 2. 50 km/hr

✔ 3. 45 km/hr

✘ 4. 36 km/hr

**Q.80** એક રકમ સાદા વ્યાજે 12 વર્ષમાં તેનાથી 2.5 ગણી થાય છે. તો કેટલા વર્ષ પછી તે રકમ મૂળ રકમની પાંચ ગણી થશે?

**Ans**

✔ 1. 32 વર્ષ

✘ 2. 30 વર્ષ

✘ 3. 40 વર્ષ

✘ 4. 24 વર્ષ

**Q.81** એક ડિજિટલ હેલ્થકેર વાન ત્રણ સમાન અંતર અનુક્રમે 20 km/h, 30 km/h, અને 60 km/h ની ઝડપે કાપે છે. તો સમગ્ર મુસાફરી માટે તેની સરેરાશ ઝડપ કેટલી હશે?

**Ans**

✘ 1. 27 km/h

✔ 2. 30 km/h

✘ 3. 36 km/h

✘ 4. 24 km/h

**Q.82** એક દુકાનદારે કુલ ₹900માં 30 કેલ્ક્યુલેટર ખરીદ્યા. જો તે દરેક કેલ્ક્યુલેટર ₹35માં વેચે, તો કુલ નફો કેટલો થશે?

**Ans**

✘ 1. ₹90

✘ 2. ₹120

✔ 3. ₹150

✘ 4. ₹60

**Q.83** એક જથ્થાબંધ વેપારી એક વિતરકને 10% ના નફા સાથે લેપટોપ વેચે છે. ત્યારબાદ તે વિતરક તે લેપટોપ છૂટક વેપારીને 5% નફા સાથે વેચે છે. જો છૂટક વેપારી તેના માટે ₹46,200 ચૂકવે છે, તો જથ્થાબંધ વેપારી માટે લેપટોપની મૂળ પડતર કિંમત કેટલી હશે?

**Ans**

✘ 1. ₹41,200

✔ 2. ₹40,000

✘ 3. ₹42,000

✘ 4. ₹39,500

Q.84 એક સ્ટોર મેનેજર એક અઠવાડિયામાં દરરોજ વેચાયેલા શર્ટની સંખ્યા આ મુજબ નોંધે છે: 8, 12, 9, 12, 15, 10, 12.
તો આ ડેટાનો બહુલક શોધો.

Ans
✔ 1. 12
✘ 2. 9
✘ 3. 8
✘ 4. 15

Q.85 એક રમતગમત વિશ્લેષકે એક ટૂર્નામેન્ટમાં 25 ખેલાડીઓના સ્કોર નોંધ્યા. ધારેલા મધ્યક 60 નો ઉપયોગ કરીને, આ 25 સ્કોરના ધારેલા મધ્યકથી લીધેલા વિચલનોનો સરવાળો -50 ગણવામાં આવ્યો હતો. પાછળથી ખબર પડી કે વિશ્લેષણમાંથી એક વધારાના ખેલાડીનો સ્કોર બાકી રહી ગયો હતો. આ ખેલાડીના સ્કોરને ઉમેર્યા પછી, તમામ 26 ખેલાડીઓનો સરેરાશ સ્કોર 59 થયો. તો બાકી રહી ગયેલા ખેલાડીનો સ્કોર કેટલો હતો?

Ans
✔ 1. 84
✘ 2. 86
✘ 3. 76
✘ 4. 82

Q.86 જો 3 લિટર દ્રાવણ A ને 8 લિટર દ્રાવણ B સાથે મિશ્ર કરવામાં આવે છે, તો તે જ પ્રમાણ જાળવી રાખવા માટે 15 લિટર દ્રાવણ A સાથે કેટલા લિટર દ્રાવણ B મિશ્ર કરવું જોઈએ?

Ans
✔ 1. 40
✘ 2. 20
✘ 3. 24
✘ 4. 32

Q.87 જો tan α : cot α = 5:2 હોય, તો $\tan^3 \alpha + \cot^3 \alpha$ નું મૂલ્ય શોધો.

Ans
✘ 1. $\frac{141\sqrt{10}}{100}$
✘ 2. $\frac{117\sqrt{10}}{100}$
✔ 3. $\frac{133\sqrt{10}}{100}$
✘ 4. $\frac{127\sqrt{10}}{100}$

Q.88 બે ઉમેદવારો, A અને B, દ્વારા લડવામાં આવેલી ચૂંટણીમાં, 60% લાયક મતદારોએ મતદાન કર્યું, અને બધા જ મતો માન્ય હતા. જો ઉમેદવાર A ને મતદાનના 55% મત મળે અને 660 મતોના માર્જિનથી જીતે, તો લાયક મતદારોની કુલ સંખ્યા કેટલી છે?

Ans
✔ 1. 11,000
✘ 2. 25,000
✘ 3. 22,000
✘ 4. 16,500

Q.89 એક ગોળા (sphere) ની ત્રિજ્યામાં 50% નો વધારો થાય છે. તો તેના ઘનફળ (volume) માં કેટલા ટકાનો વધારો થશે?

Ans
✔ 1. 237.5%
✘ 2. 125%
✘ 3. 50%
✘ 4. 337.5%

**Q.90** જો x:12 = 15:20 હોય, તો x નું મૂલ્ય શોધો.

**Ans**
1. 15 ✗
2. 12 ✗
3. 6 ✗
4. 9 ✓

## Section : **Reasoning**

**Q.91** નીચે આપેલી બે જોડી જે તાર્કિક પેટર્નને અનુસરે છે, તે જ પેટર્નને અનુસરતી જોડી વિકલ્પોમાંથી પસંદ કરો. બંને જોડી સમાન પેટર્નને અનુસરે છે.

BJK : CKL
TRS : UST

**Ans**
1. VSP : WTR ✗
2. CHK : DIL ✓
3. HJS : KMU ✗
4. JMO : ILN ✗

**Q.92** આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
"Kiwi" માટેનો કોડ શું છે?

વિધાનો:
(I): "Kiwi Apple Mango" ને "de fu ki" તરીકે કોડ કરવામાં આવે છે.
(II): "Apple Mango" ને "fu ki" તરીકે કોડ કરવામાં આવે છે.

**Ans**
1. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી. ✗
2. ✗
વિધાનો I અને II બંને એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા નથી.
3. ✗
વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.
4. ✓
વિધાનો I અને II બંને એકસાથે લેતા (એકલું વિધાન I અથવા એકલું વિધાન II નહીં) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે.

**Q.93** સાત લોકો, A, B, C, D, E, F અને G એ એક હરોળમાં ઉત્તર તરફ મુખ રાખીને બેસે છે. A ની જમણી બાજુએ ફક્ત એક જ વ્યક્તિ બેસે છે. E ની જમણી બાજુએ ફક્ત પાંચ લોકો બેસે છે. B એ F અને E ની તરત જ બાજુમાં બેસે છે. D એ C ની ડાબી બાજુથી બીજા સ્થાને બેસે છે.
તો G અને D ની વચ્ચે કેટલા લોકો બેસે છે?

**Ans**
1. ત્રણ ✓
2. પાંચ ✗
3. ચાર ✗
4. બે ✗

**Q.94** જો 25 જાન્યુઆરી 2009 ના રોજ શુક્રવાર હતો, તો 25 ફેબ્રુઆરી 2009 ના રોજ અઠવાડિયાનો કયો દિવસ હશે?

**Ans**
1. ગુરુવાર ✗
2. સોમવાર ✓
3. શુક્રવાર ✗
4. બુધવાર ✗

Q.95 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
"Swimmer" માટેનો કોડ શું છે?

વિધાનો:
(I): "Swimmer Driver" ને "me lo" તરીકે કોડ કરવામાં આવ્યો છે.
(II): "Driver" ને "lo" તરીકે કોડ કરવામાં આવ્યો છે.

Ans ✗ 1. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.

✓ 2.
વિધાનો I અને II બંને એકસાથે લેતા (એકલું વિધાન I અથવા એકલું વિધાન II નહીં) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે.

✗ 3.
વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.

✗ 4.
વિધાનો I અને II બંને એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા નથી.

Q.96 79 લોકોની એક હરોળમાં બધા ઉત્તર તરફ મુખ રાખીને ઉભા છે. મિસ્ટર ઈકાનિયા ડાબા છેડાથી 28મા સ્થાને છે જ્યારે મિસ્ટર ઝિયાદ જમણા છેડાથી 21મા સ્થાને છે. તો મિસ્ટર ઈકાનિયા અને મિસ્ટર ઝિયાદની વચ્ચે કુલ કેટલા લોકો ઉભા હશે?

Ans ✗ 1. 32

✗ 2. 29

✗ 3. 31

✓ 4. 30

Q.97 CHRONIC શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે, તો આ રીતે બનેલા નવા અક્ષર સમૂહમાં ડાબેથી ત્રીજા અક્ષર અને જમણેથી બીજા અક્ષર વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરના ક્રમમાં કેટલા અક્ષરો આવે છે?

Ans ✗ 1. 2

✓ 2. 6

✗ 3. 3

✗ 4. 4

Q.98 પાંચ વ્યક્તિઓ K, L, P, T અને X ની ઉંમર અલગ-અલગ છે. ફક્ત બે જ વ્યક્તિઓ X કરતાં મોટા છે. L એ K કરતાં નાનો છે પણ P કરતાં મોટો છે. T કરતાં મોટું કોઈ નથી.
તો ____ એ સૌથી નાનો છે.

Ans ✗ 1. L

✗ 2. K

✓ 3. P

✗ 4. X

Q.99 છ બોક્સ A, B, C, D, E, અને F પૈકી દરેકને એકબીજાની ઉપર મુકવામાં આવ્યા છે, પરંતુ જરૂરી નથી કે તે આ જ ક્રમમાં હોય. A ને સૌથી નીચેથી બીજા સ્થાને મૂકવામાં આવ્યું છે. C અને E ની વચ્ચે માત્ર બે જ બોક્સ મૂકેલા છે. C ને A ની તરત જ ઉપર મૂકવામાં આવ્યું છે. D ને F ની તરત જ નીચે મૂકવામાં આવ્યું છે. સૌથી ઉપરથી બીજા સ્થાને કયું બોક્સ છે?

Ans ✗ 1. D

✗ 2. E

✗ 3. C

✓ 4. F

**Q.100** **એક ચોક્કસ સાંકેતિક ભાષામાં,**
**A o B નો અર્થ થાય છે કે 'A એ B ની બહેન છે.'**
**A √ B નો અર્થ થાય છે કે 'A એ B ની પુત્રી છે.'**
**A ! B નો અર્થ થાય છે કે 'A એ B ના પિતા છે.'**
**A x B નો અર્થ થાય છે કે 'A એ B નો પુત્ર છે.'**

**ઉપરોક્તના આધારે, જો 'U √ V ! W x K o L' હોય, તો U નો L સાથે શું સંબંધ છે?**

**Ans**
✔ 1. બહેનની પુત્રી
✘ 2. પુત્રી
✘ 3. ભાઈની પુત્રી
✘ 4. બહેન

**Q.101** **પાંચ વ્યક્તિઓ G, H, J, W અને X પૈકી દરેકના ગુણ અલગ-અલગ છે. X કરતાં માત્ર બે વ્યક્તિઓએ વધુ ગુણ મેળવ્યા છે. H એ W કરતાં ઓછા પરંતુ J કરતાં વધુ ગુણ મેળવ્યા છે. G કરતાં વધુ ગુણ કોઈએ મેળવ્યા નથી.**
**_____ એ સૌથી ઓછા ગુણ મેળવ્યા છે.**

**Ans**
✔ 1. J
✘ 2. W
✘ 3. G
✘ 4. X

**Q.102** **આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.**

**પ્રશ્ન:**
**"Ore" માટેનો કોડ શું છે?**

**વિધાનો:**
**(I): "Ore Gold" ને "ta mu" તરીકે કોડ કરવામાં આવે છે.**
**(II): "Copper Iron" ને "ke zo" તરીકે કોડ કરવામાં આવે છે.**

**Ans**
✘ 1. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.

✔ 2.
વિધાનો I અને II બંને એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા નથી.

✘ 3.
વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.

✘ 4.
વિધાનો I અને II બંને એકસાથે લેતા (એકલું વિધાન I અથવા એકલું વિધાન II નહીં) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે.

**Q.103** **સાત મિત્રો G, H, I, B, C, D અને E એક વર્તુળાકાર મેજની ફરતે મેજની કેન્દ્ર તરફ મુખ કરીને બેઠા છે. E એ H ની તરત જ જમણી બાજુએ બેસે છે. જ્યારે E ની ડાબી બાજુથી ગણતરી કરવામાં આવે, ત્યારે E અને D ની વચ્ચે માત્ર ત્રણ લોકો બેસે છે. H અને B ની વચ્ચે માત્ર ત્રણ લોકો બેસે છે. C એ G ની તરત જ જમણી બાજુએ બેસે છે. તો જ્યારે G ની ડાબી બાજુથી ગણતરી કરવામાં આવે, ત્યારે I અને G ની વચ્ચે કેટલા લોકો બેસે છે?**

**Ans**
✘ 1. એક
✔ 2. બે
✘ 3. ચાર
✘ 4. ત્રણ

**Q.104** **કિરણ બિંદુ Y થી શરૂઆત કરે છે અને દક્ષિણ દિશા તરફ 15 km વાહન ચલાવે છે. ત્યારબાદ તે ડાબી બાજુ વળે છે અને 28 km વાહન ચલાવે છે, પછી ફરીથી ડાબી બાજુ વળીને 68 km વાહન ચલાવે છે. ત્યારબાદ તે જમણી બાજુ વળે છે અને 14 km વાહન ચલાવે છે. તે ફરીથી જમણી બાજુ વળે છે, 53 km વાહન ચલાવે છે, પછી ડાબી બાજુ વળે છે અને 34 km વાહન ચલાવીને બિંદુ Z પર અટકે છે. બિંદુ Y પર ફરીથી પહોંચવા માટે તેણે કેટલા અંતરે (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશામાં વાહન ચલાવવું જોઈએ? (જ્યાં સુધી સ્પષ્ટ ન કરવામાં આવ્યું હોય ત્યાં સુધી તમામ વળાંકો માત્ર 90 ડિગ્રીના વળાંક છે)**

**Ans**
✘ 1. 74 km પશ્ચિમ તરફ
✘ 2. 78 km પૂર્વ તરફ
✔ 3. 76 km પશ્ચિમ તરફ
✘ 4. 80 km પૂર્વ તરફ

Q.105 નીચે આપેલી અક્ષર, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.

(ડાબી બાજુ) * & K % $ @ & @ # J Ω T £ K # T $ £ E P $ Q (જમણી બાજુ)

એવા કેટલા પ્રતીકો છે, જે દરેકની તરત જ પહેલા એક અક્ષર આવે છે અને તરત જ પછી એક પ્રતીક આવે છે?

Ans
1. ત્રણ ✗
2. બે ✓
3. એક ✗
4. એકપણ નહીં ✗

Q.106 જો સંખ્યા 4365871ના દરેક એકી અંકમાં 1 ઉમેરવામાં આવે અને દરેક બેકી અંકમાંથી 2 બાદ કરવામાં આવે, તો આ રીતે બનતી નવી સંખ્યામાં ડાબી બાજુથી બીજા અને જમણી બાજુથી બીજા અંકોનો સરવાળો કેટલો થશે?

Ans
1. 12 ✓
2. 13 ✗
3. 14 ✗
4. 11 ✗

Q.107 આપેલા શબ્દો જે ક્રમમાં અંગ્રેજી ભાષા શબ્દકોશ (English Language Dictionary) માં દેખાય છે તે ક્રમમાં તેમની સાચી ગોઠવણી દર્શાવતો વિકલ્પ પસંદ કરો.
1. River
2. Chair
3. Table
4. Garden

Ans
1. 4, 2, 1, 3 ✗
2. 2, 4, 1, 3 ✓
3. 2, 4, 3, 1 ✗
4. 2, 3, 1, 4 ✗

Q.108 નીચે આપેલી અક્ષર શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. (ગણતરી ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે).
(ડાબી બાજુ) W A Z L L R D H G E O R I N R C D Q D (જમણી બાજુ)
એવાં કેટલા વ્યંજનો છે, જે દરેકની તરત પહેલાં એક સ્વર આવે છે અને તરત પછી પણ એક સ્વર આવે છે?

Ans
1. બે ✗
2. ચાર ✗
3. એક ✓
4. ત્રણ ✗

Q.109 આપેલા વિધાનો અને તારણોને ધ્યાનપૂર્વક વાંચો. વિધાનોમાં આપેલી માહિતી સામાન્ય રીતે જાણીતા તથ્યો કરતાં અલગ હોય તો પણ તેને સાચી માનીને, આપેલા તારણોમાંથી કયું/કયા તારણ/તારણો આપેલા વિધાનોને તાર્કિક રીતે અનુસરે છે તે નક્કી કરો.

**વિધાનો:**
કેટલાક વૃક્ષો, છોડ છે.
બધા છોડ, સજીવો છે.

**તારણો:**
(I) કેટલાક સજીવો, વૃક્ષો છે.
(II) કોઈપણ સજીવ, વૃક્ષ નથી.

Ans
1. તારણ (I) અને (II) બંને અનુસરે છે ✗
2. માત્ર તારણ (I) અનુસરે છે ✓
3. માત્ર તારણ II અનુસરે છે ✗
4. ન તો તારણ (I) કે ન તો (II) અનુસરે છે ✗

Q.110 BOUNTIE શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે, તો આ રીતે બનતા નવા અક્ષર સમૂહમાં, ડાબી બાજુથી ત્રીજા અક્ષર અને જમણી બાજુથી ત્રીજા અક્ષરની વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ મુજબ કેટલા અક્ષરો આવે છે?

Ans
✔ 1. 5
✘ 2. 8
✘ 3. 7
✘ 4. 9

Q.111 નીચે આપેલી અક્ષર, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.

(ડાબી બાજુ) £ & & & N @ T E J M Ω W J & Z M T & Q & L Ω (જમણી બાજુ)

એવા કેટલા પ્રતીકો છે, જે દરેકની તરત જ પહેલા એક સ્વર આવે છે પરંતુ તરત જ પછી સ્વર આવતો નથી?

Ans
✔ 1. એક પણ નહીં
✘ 2. બે
✘ 3. ત્રણ
✘ 4. એક

Q.112 **A, B, C, D, E, F, અને G દરેકની પરીક્ષા અઠવાડિયાના અલગ અલગ દિવસે છે, જે સોમવારથી શરૂ થાય છે અને તે જ અઠવાડિયાના રવિવારે સમાપ્ત થાય છે. A ની પરીક્ષા મંગળવારે છે. A અને D ની વચ્ચે બરાબર 3 લોકોની પરીક્ષા છે. B ની પરીક્ષા C ની તરત જ પહેલાં છે અને F ની પરીક્ષા C ની તરત જ પછી છે. G ની પરીક્ષા C પછી છે. સોમવારે કોની પરીક્ષા છે?**

Ans
✔ 1. E
✘ 2. G
✘ 3. C
✘ 4. A

Q.113 નીચે સંખ્યાઓના બે સેટ આપેલા છે. સંખ્યાઓના દરેક સેટમાં, પ્રથમ સંખ્યા પર ચોક્કસ ગાણિતિક ક્રિયાઓ કરવાથી બીજી સંખ્યા મળે છે. તે જ રીતે, બીજી સંખ્યા પર ચોક્કસ ગાણિતિક ક્રિયાઓ કરવાથી ત્રીજી સંખ્યા મળે છે, અને આગળ પણ આ જ ક્રમ જળવાય છે. આપેલા વિકલ્પોમાંથી કયો વિકલ્પ આપેલા સેટ જેવી જ ગાણિતિક ક્રિયાઓના ક્રમને અનુસરે છે?
(નોંધ – પ્રક્રિયાઓ કરવા માટે બે/ત્રણ અંકની સંખ્યાને તેના વ્યક્તિગત અંકોમાં વિભાજિત કરી શકાશે નહીં. ઉદાહરણ તરીકે, જો 37 પછી 10 આપેલા હોય, તો પ્રક્રિયા 3 + 7 કરી શકાય નહીં કારણ કે બે અંકની સંખ્યાને વ્યક્તિગત અંકોમાં તોડી શકાતી નથી)

34 - 95 - 156 - 217 ;
51 - 112 - 173 - 234

Ans
✘ 1. 84 - 145 - 206 - 269
✘ 2. 72 - 134 -195 - 255
✘ 3. 64 - 122 - 186 - 248
✔ 4. 42 - 103 - 164 - 225

Q.114 આપેલા શબ્દો જે ક્રમમાં અંગ્રેજી ભાષા શબ્દકોશ (English Language Dictionary) માં દેખાય છે તે ક્રમમાં તેમની સાચી ગોઠવણી દર્શાવતો વિકલ્પ પસંદ કરો.
1. Orange
2. School
3. Bird
4. Kite

Ans
✘ 1. 2, 4, 1, 3
✘ 2. 1, 4, 3, 2
✘ 3. 3, 2, 1, 4
✔ 4. 3, 4, 1, 2

**Q.115** C એ O ના/નો _____ છે. O એ R નો ભાઈ છે. U એ P ના પિતા છે. P એ R નો પુત્ર છે. C એ U ની પત્નીના પિતા છે. તો આપેલી ખાલી જગ્યા ભરો.

**Ans**

✔ 1. પિતા

✘ 2. પુત્ર

✘ 3. ભાઈ

✘ 4. પતિ

**Q.116** આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

**પ્રશ્ન:**
**"Window" માટેનો કોડ શું છે?**

**વિધાનો:**
**(I): "Window Glass" ને "no pa" તરીકે કોડ કરવામાં આવે છે.**
**(II): "Door Window" ને "no xu" તરીકે કોડ કરવામાં આવે છે.**

**Ans**

✘ 1. વિધાનો I અને II બંને એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા નથી.

✘ 2. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.

✘ 3. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.

✔ 4. વિધાનો I અને II બંને એકસાથે લેતા (એકલું વિધાન I અથવા એકલું વિધાન II નહીં) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે.

**Q.117** નીચે આપેલા પ્રશ્નમાં, સંખ્યા/પ્રતીકોને નીચે આપેલા કોડ અને શરતોના આધારે અક્ષરોમાં કોડબદ્ધ કરવામાં આવ્યા છે. શરતોનું પાલન કરીને બનતું સાચું કોડ સંયોજન જ તમારો જવાબ હશે. જો કોઈ પણ શરત લાગુ ન પડતી હોય, તો કોષ્ટકમાં આપેલી સંખ્યા/પ્રતીકના કોડનો સીધો ઉપયોગ કરવો.

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સંખ્યા/પ્રતીક | 6 | ! | ? | 4 | @ | 5 | 1 | $ | % | 8 | # | & | 3 | 7 |
| કોડ | L | S | P | J | R | E | T | G | M | K | C | O | Z | F |

**શરતો –**
**(i) જો પ્રથમ ઘટક એક પ્રતીક હોય અને છેલ્લો ઘટક એક સંખ્યા હોય, તો આ બંને (પ્રથમ અને છેલ્લો ઘટક) ના કોડ પરસ્પર બદલી નાખવા.**
**(ii) જો પ્રથમ ઘટક એક એકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક એક બેકી સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લો બંને ઘટકોને © તરીકે કોડબદ્ધ કરવા.**
**(iii) જો બીજા અને ત્રીજા બંને ઘટકો પૂર્ણવર્ગ હોય, તો ત્રીજા ઘટકનો કોડ પણ બીજા ઘટકના કોડ જેવો જ રાખવો.**

**$ 6 ! @ 1 માટે સાચો કોડ કયો હશે?**

**Ans**

✘ 1. TLMRG

✘ 2. TLSRE

✔ 3. TLSRG

✘ 4. TLSRT

**Q.118** **આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.**

**પ્રશ્ન: "CPU" નો કોડ શું છે?**
**(I): "CPU Mobile" ને "fu ke" તરીકે કોડ કરવામાં આવે છે.**
**(II): "Mobile Tablet" ને "ke li" તરીકે કોડ કરવામાં આવે છે.**

**Ans**

✗ 1. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✗ 2. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✓ 3. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

✗ 4. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q.119** **નીચે આપેલી સંખ્યા, પ્રતીક શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે. (બધી સંખ્યાઓ માત્ર એક-અંકની સંખ્યાઓ છે)**
**(ડાબી બાજુ) ± 1 Δ & 3 ≠ Δ ± 4 2 ≠ ¥ ≤ 3 ± ∞ 4 7 6 1 3 (જમણી બાજુ)**
**એવાં કેટલા પ્રતીકો છે, જે દરેકની તરત જ પહેલાં એક પ્રતીક આવે છે અને તરત જ પછી એક સંખ્યા પણ આવે છે?**

**Ans**

✓ 1. ચાર

✗ 2. ત્રણ

✗ 3. એક

✗ 4. બે

**Q.120** **જો 'J' નો અર્થ '÷' હોય, 'K' નો અર્થ '×' હોય, 'L' નો અર્થ '+' હોય અને 'M' નો અર્થ '-' હોય, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન '?' નાં સ્થાને શું આવશે?**
**81 K 3 M 27 J 9 L 45 = ?**

**Ans**

✗ 1. 265

✓ 2. 285

✗ 3. 270

✗ 4. 280

**Q.121** **નીચે આપેલા શબ્દોની તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં ગોઠવણી દર્શાવતો સાચો વિકલ્પ પસંદ કરો.**
**1. ભૂકંપ**
**2. પુનઃનિર્માણ**
**3. બચાવ કામગીરી**
**4. નુકસાન**
**5. રાહત કામગીરી**

**Ans**

✗ 1. 1, 5, 3, 4, 2

✓ 2. 1, 4, 3, 5, 2

✗ 3. 2, 4, 3, 5, 1

✗ 4. 5, 4, 3, 1, 2

**Q.122** **A, B, C, D, E અને F પૈકી દરેકે અલગ-અલગ ગુણ મેળવ્યા છે. F એ ચોથા ક્રમે સૌથી વધુ ગુણ મેળવ્યા છે. E એ D કરતાં વધુ ગુણ મેળવ્યા છે. A એ F કરતાં વધુ પરંતુ B કરતાં ઓછા ગુણ મેળવ્યા છે. C એ B કરતાં ઓછા ગુણ મેળવ્યા નથી. કેટલી વ્યક્તિઓએ A કરતાં વધુ ગુણ મેળવ્યા છે?**

**Ans**

✓ 1. બે

✗ 2. ચાર

✗ 3. ત્રણ

✗ 4. એક

**Q.123** આ પ્રશ્ન નીચે આપેલી ત્રણ-અંકની પાંચ સંખ્યાઓ પર આધારિત છે.

(ડાબી બાજુ) 226 104 149 384 623 (જમણી બાજુ)

(દાખલા તરીકે- 697 – પ્રથમ અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)

જો સૌથી મોટી સંખ્યાનો બીજો અંક સૌથી નાની સંખ્યાના ત્રીજા અંકમાં ઉમેરવામાં આવે તો શું પરિણામ આવશે?

Ans
- ✗ 1. 5
- ✗ 2. 9
- ✗ 3. 7
- ✓ 4. 6

**Q.124** જો શબ્દ THRIVE ના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ મુજબ ગોઠવવામાં આવે, તો કેટલા અક્ષરોનું સ્થાન અપરિવર્તિત (યથાવત) રહેશે?

Ans
- ✓ 1. એક
- ✗ 2. એક પણ નહીં
- ✗ 3. બે
- ✗ 4. ત્રણ

**Q.125** આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આવે છે. તમારે નક્કી કરવું પડશે કે પ્રશ્નનો જવાબ આપવા માટે આપેલ માહિતી પૂરતી છે. બંને વિધાનો વાંચો અને યોગ્ય જવાબ નક્કી કરો.
પ્રશ્ન: જો વર્ષ X ની 1લી જાન્યુઆરીના રોજ રવિવાર હોય, તો વર્ષ Y ની 1લી જાન્યુઆરીના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?
(I): વર્ષ Y એ વર્ષ X ની તરત જ પછીનું વર્ષ છે.
(II): વર્ષ X એ લિપ વર્ષ છે.

Ans
- ✓ 1. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
- ✗ 2. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ 3. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ 4. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q.126** એક ચોક્કસ કૂટ ભાષામાં, 'WIND' ને '3581' તરીકે અને 'DARE' ને '1976' તરીકે કૂટબદ્ધ કરવામાં આવે છે. તો આપેલી ભાષામાં 'D' માટેનો કૂટ (કોડ) શું છે?

Ans
- ✗ 1. 8
- ✓ 2. 1
- ✗ 3. 3
- ✗ 4. 9

**Q.127** નીચે આપેલી અક્ષર, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો.
(ડાબી બાજુ) E U K L V & Ω U L B W $ Ω E P * & F F % B & (જમણી બાજુ)
જો શ્રેણીમાંથી બધા અક્ષરો કાઢી નાખવામાં આવે, તો નીચેનામાંથી કયું જમણી બાજુથી પાંચમું હશે?

Ans
- ✗ 1. *
- ✗ 2. &
- ✗ 3. %
- ✓ 4. Ω

**Q.128** ખાલી જગ્યા ભરો.
C એ O ની _____ છે. O એ R નો ભાઈ છે. U એ P ના પિતા છે. P એ R નો પુત્ર છે. C એ U ની પત્નીની બહેન છે.

Ans
- ✗ 1. પત્ની
- ✓ 2. બહેન
- ✗ 3. 
પુત્રી
- ✗ 4. માતા

**Q.129** **જો '+' અને '-' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે અને '×' અને '÷' ની પણ પરસ્પર અદલાબદલી કરવામાં આવે, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) નાં સ્થાને શું આવશે?**
**35 + 15 × 5 - 10 ÷ 2 = ?**

Ans
✗ 1. 42
✓ 2. 52
✗ 3. 48
✗ 4. 50

**Q.130** **આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.**

**5 થાંભલાઓ, A,W,V,G અને E પૈકી દરેકની ઊંચાઈ અલગ-અલગ છે, કયો થાંભલો સૌથી ઊંચો છે?**

**(I) A એ G કરતાં ઊંચો છે પણ E કરતાં નીચો છે. A એ ફક્ત એક થાંભલા કરતાં નીચો છે.**
**(II) G એ W કરતાં ઊંચો છે.**

Ans
✓ 1. વિધાન (I)માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (II)માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✗ 2.
વિધાનો (I) અને (II) બંનેમાં આપેલી માહિતી એકસાથે (એકલું વિધાન I અથવા એકલું વિધાન II નહિ) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

✗ 3.
વિધાન (II)માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (I)માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✗ 4.
વિધાનો (I) અને (II) બંનેમાં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q.131** **અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલી ચાર અક્ષર-સમૂહ જોડીઓમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કઈ અક્ષર-સમૂહ જોડી તે જૂથ સાથે સંબંધિત નથી?**
**(નોંધ: અલગ પડતી અક્ષર-સમૂહ જોડી વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)**

Ans
✗ 1. LI - NK
✗ 2. TQ - VS
✓ 3. HE - GD
✗ 4. PM - RO

**Q.132** **આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન '?' ના સ્થાને શું આવવું જોઈએ?**
**1, 3, 6, 10, 15, ?**

Ans
✗ 1. 24
✗ 2. 20
✗ 3. 22
✓ 4. 21

**Q.133** **આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.**
**પ્રશ્ન: જો વર્ષ X ની 15મી ઓગસ્ટના રોજ મંગળવાર હોય, તો વર્ષ Y ની 15મી સપ્ટેમ્બરના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?**
**(I): વર્ષ X માં 366 દિવસ છે.**
**(II): વર્ષ Y એ વર્ષ X ની તરત જ પછી આવતું વર્ષ છે.**

Ans
✗ 1. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✗ 2. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✓ 3. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

✗ 4. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q.134 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચેના ચારમાંથી ત્રણ ચોક્કસ રીતે એકસરખા છે અને અને તેથી એક જૂથ બનાવે છે. કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતો અક્ષર-સમૂહ વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

Ans
✔ 1. QOM
✘ 2. NKJ
✘ 3. CZY
✘ 4. EBA

Q.135 C, D, E, O, P અને Q એક જ ઇમારતના છ અલગ-અલગ માળ પર રહે છે. ઇમારતમાં સૌથી નીચેના માળને 1, તેની ઉપરના માળને 2 અને તે મુજબ ઉપરના માળોને નંબર આપેલા છે, આ અનુક્રમમાં સૌથી ઉપરના માળનો નંબર 6 છે. C એ સૌથી ઉપરના માળ પર રહે છે. C અને Q વચ્ચે ફક્ત ત્રણ લોકો રહે છે. P એ Q ની નીચેના માળ પર રહે છે. O એક બેકી નંબરવાળા માળ પર રહે છે. D એક એકી નંબરવાળા માળ પર રહે છે પરંતુ 5 નંબરવાળા માળ પર નહીં. તો E અને Q વચ્ચે કેટલા લોકો રહે છે?

Ans
✘ 1. ચાર
✘ 2. ત્રણ
✔ 3. બે
✘ 4. એક

Q.136 નીચે આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે વિકલ્પોમાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવશે?

EYH28 , ICL32 , MGP36 , QKT40 , ?

Ans
✘ 1. UQX44
✘ 2. VOX44
✔ 3. UOX44
✘ 4. UOY44

Q.137 શબ્દ MUSCLE ના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોનના ક્રમ મુજબ તેની તરત જ પછીના અક્ષરમાં બદલવામાં આવે છે અને ત્યારબાદ આ રીતે બનેલા તમામ અક્ષરોને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે છે. તો આ રીતે બનેલા નવા અક્ષર સમૂહમાં નીચેનામાંથી કયો અક્ષર જમણા છેડાથી ચોથો હશે?

Ans
✘ 1. N
✘ 2. F
✔ 3. M
✘ 4. T

Q.138 નીચે આપેલા વિકલ્પોમાંથી એવો વિકલ્પ પસંદ કરો કે જેમાં આપેલા નામ અને સરનામાની બધી વિગતો સાચી રીતે દર્શાવવામાં આવી હોય.
Mr. Suresh N. Kulkarni
House No. D-89, Lake View Colony,
Bannerghatta Road, Bengaluru – 560076

Ans
✘ 1. Mr. Suresh N. Kulkarni, House No. D-98, Lake View Colony, Bannerghatta Road, Bengaluru – 560076
✘ 2. Mr. Suresh N. Kulkarni, House No. D-89, Lake View Colony, Bannerghatta Road, Bengaluru – 560067
✘ 3. Mr. Suresh M. Kulkarni, House No. D-89, Lake View Colony, Bannerghatta Road, Bengaluru – 560076
✔ 4. Mr. Suresh N. Kulkarni, House No. D-89, Lake View Colony, Bannerghatta Road, Bengaluru – 560076

Q.139 આપેલા શબ્દો જે ક્રમમાં અંગ્રેજી ભાષા શબ્દકોશ (English Language Dictionary) માં દેખાય છે તે ક્રમમાં તેમની સાચી ગોઠવણી દર્શાવતો વિકલ્પ પસંદ કરો.
1. Mango
2. Apple
3. Zebra
4. House

Ans
1. 2, 4, 3, 1
2. 3, 4, 1, 2
3. 2, 4, 1, 3
4. 4, 2, 1, 3

Q.140 મિ. ઇવાન બિંદુ A થી ડ્રાઈવ કરવાનું શરૂ કરે છે અને પૂર્વ દિશા તરફ 26 km ડ્રાઈવ કરે છે. ત્યારબાદ તે જમણી બાજુ વળાંક લે છે અને 19 km ડ્રાઈવ કરે છે. તેના પછી તે જમણી બાજુ વળાંક લે છે અને 31 km ડ્રાઈવ કરે છે. પછી તે હજુ એક વાર જમણી બાજુ વળાંક લે છે અને 28 km ડ્રાઈવ કરે છે. તે છેલ્લી વાર જમણી બાજુ વળાંક લે છે અને 5 km ડ્રાઈવ કરીને બિંદુ P પર થોભે છે. તો ફરીથી બિંદુ A પર પહોંચવા માટે તેણે કેટલું દૂર (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશા તરફ ડ્રાઈવ કરવું જોઈએ? (તમામ વળાંક માત્ર 90-ડિગ્રીના વળાંક છે, સિવાય કે ઉલ્લેખિત હોય.)

Ans
1. 19 km પૂર્વ દિશા તરફ
2.
9 km દક્ષિણ દિશા તરફ
3. 5 km ઉત્તર દિશા તરફ
4. 26 km ઉત્તર દિશા તરફ

Q.141 એક સચોટ ઘડિયાળ 6:00 pm બતાવે છે. જ્યારે ઘડિયાળમાં મધ્યરાત્રિના 12:00 વાગશે, ત્યારે કલાકનો કાંટો કેટલા ડિગ્રી ફરશે?

Ans
1. 180 ડિગ્રી
2. 120 ડિગ્રી
3. 60 ડિગ્રી
4. 90 ડિગ્રી

Q.142 આ પ્રશ્ન નીચે આપેલી પાંચ ત્રણ-અંકની સંખ્યાઓ પર આધારિત છે.
(ડાબી બાજુ) 729 384 561 247 492 (જમણી બાજુ)
(ઉદાહરણ: 697 – પહેલો અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)
જો સૌથી મોટી સંખ્યાના પ્રથમ અંકમાં સૌથી નાની સંખ્યાનો પ્રથમ અંક ઉમેરવામાં આવે, તો મળતું પરિણામ શું હશે?

Ans
1. 9
2. 7
3. 8
4. 5

Q.143 નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવી શકે તેવું સૌથી નજીકનું અંદાજિત મૂલ્ય કયો વિકલ્પ દર્શાવે છે?
$9.75 + 3.28 \times 2.56 - 2.25 = ?$

Ans
1. 27
2. 16
3. 32
4. 10

Q.144 આ પ્રશ્ન નીચે આપેલ શબ્દો પર આધારિત છે.
(ડાબી બાજુ) FOX TIP SAD TAN (જમણી બાજુ)
જમણી બાજુથી બીજા શબ્દના પ્રથમ અક્ષર અને ડાબી બાજુથી પહેલા શબ્દના બીજા અક્ષર વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ મુજબ કેટલા અક્ષરો આવે છે?

Ans
1. 3
2. 6
3. 4
4. 2

Q.145 28 એ અમુક ચોક્કસ તર્કને અનુસરીને 334 સાથે સંબંધિત છે. તે જ તર્કને અનુસરીને, 32 એ 382 સાથે સંબંધિત છે. સમાન તર્કને અનુસરીને 46 એ આપેલા વિકલ્પોમાંથી કયા વિકલ્પની સાથે સંબંધિત છે?

(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજીત કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ (Operations) કરવાની રહેશે. દા.ત. 13 લો – 13 આ સંખ્યા પર ક્રિયાઓ, જેમ કે 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં જુદી પાડીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)

Ans
✗ 1. 540
✓ 2. 550
✗ 3. 580
✗ 4. 520

Q.146 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે SEAL એ અમુક ચોક્કસ રીતે PBXI સાથે સંબંધિત છે. તે જ રીતે, GSOZ એ DPLW સાથે સંબંધિત છે. તો આ સમાન તર્કને અનુસરીને, XJFQ એ નીચેનામાંથી કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

Ans
✗ 1. UNMK
✓ 2. UGCN
✗ 3. UGCD
✗ 4. UNXD

Q.147 નીચે આપેલા પ્રશ્નમાં, સંખ્યા/પ્રતીકોને નીચે આપેલા કોડ અને શરતોના આધારે અક્ષરોમાં કોડબદ્ધ કરવામાં આવ્યા છે. શરતોનું પાલન કરીને બનતું સાચું કોડ સંયોજન જ તમારો જવાબ હશે. જો કોઈ પણ શરત લાગુ ન પડતી હોય, તો કોષ્ટકમાં આપેલી સંખ્યા/પ્રતીકના કોડનો સીધો ઉપયોગ કરવો.

| સંખ્યા/પ્રતીક | 8 | @ | 3 | % | 1 | # | 6 | & | 9 | $ | 2 | + | 5 | 4 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કોડ | A | T | K | P | H | M | B | F | W | R | D | U | L | Q |

શરતો –
(i) જો બીજા અને ત્રીજા બંને ઘટકો એકી સંખ્યાઓ હોય, તો ત્રીજા ઘટકનો કોડ પણ બીજા ઘટકના કોડ જેવો જ રાખવો.
(ii) જો પ્રથમ ઘટક એક પ્રતીક હોય અને છેલ્લો ઘટક એક બેકી સંખ્યા હોય, તો તેમના કોડ પરસ્પર બદલી નાખવા.
(iii) જો પાંચમો ઘટક એક પ્રતીક હોય, તો તેને © તરીકે કોડબદ્ધ કરવો.

9 1 3 + 4 માટે સાચો કોડ કયો હશે?

Ans
✗ 1. WHHUA
✗ 2. WHKUQ
✗ 3. WHUFQ
✓ 4. WHHUQ

Q.148 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ પર આધારિત આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?
RUM PSK NQI LOG ?

Ans
✗ 1. JMK
✗ 2. JIM
✗ 3. JEM
✓ 4. JME

Q.149 જો 19 જૂન 1851 ના રોજ ગુરુવાર હોય, તો 21 એપ્રિલ 1853 ના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?

Ans
✗ 1. શુક્રવાર
✗ 2. બુધવાર
✗ 3. સોમવાર
✓ 4. ગુરુવાર

**Q.150** **ઉત્તર તરફ મુખ રાખીને ઊભેલા લોકોની એક હરોળમાં, અજય જમણા છેડેથી 10મા સ્થાને છે. પૂજા જમણા છેડેથી 18મા સ્થાને છે. પૂજા એ અજય અને રાહુલની બરાબર વચ્ચે છે. જો રાહુલ હરોળના ડાબા છેડેથી 5મા સ્થાને હોય, તો હરોળમાં ઊભેલા લોકોની સંખ્યા ____ છે.**

**Ans**

✗ 1. 28

✗ 2. 27

✓ 3. 30

✗ 4. 29

"